# ભાજપના ૫૨ ઉમેદવારોની જાહેરાત

નવી દિલ્હી,તા.૮

લોકસભાની ચૂંટણી નજીક છે ત્યારે ભાજપે આજે ભારે સસ્પેન્સની સ્થિતિ વચ્ચે તેના ઉમેદવારોની બીજી યાદી જારી કરી દીધી હતી. ભાજપના વડાપ્રધાન પદના ઉમેદવાર અને ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી ક્યાથી ચૂંટણી લડશે તેને લઈને હજુ પણ સસ્પેન્સની સ્થિતિ બનેલી છે. બાવન ઉમેદવારોના નામોની યાદી જાહેર કરવામાં આવી છે. કર્ણાટકના ભૂતપૂર્વ મુખ્યમંત્રી યેદીયુરપ્પા સિમોગામાંથી ચૂંટણી મેદાનમાં ઉતરશે. જ્યારે બેંગ્લોર ઉત્તરમાંથી સદાનંદ ગૌડા અને બેંગ્લોર દક્ષિણમાંથી અનંતકુમારને મેદાનમાં ઉતારવામાં આવશે. બેલ્લારીના ઉમેદવાર અંગે મોડેથી નિર્ણય લેવામાં આવશે. હુગલીમાંથી ચંદન મિત્રાને ટિકિટ આપવામાં આવી છે. પશ્ચિમ બંગાળની નવ બેઠક પર ઉમેદવાર નક્કી કરવામાં આવ્યા છે. પ્રથમ યાદીમાં ૫૪ ઉમેદવારોના નામની જાહેરાત કરવામાં આવી હતી જેમાં ભાજપના પૂર્વ અધ્યક્ષ નીતિન ગડકરી, હિમાચલ પ્રદેશના પૂર્વમુખ્યમંત્રી શાંતાકુમાર અને ગોપીનાથ મુંડે સામેલ હતા. યુવા મોરચાના વડા અનુરાગ ઠાકુરને પણ પ્રથમ યાદીમાં આવરી લેવામાં આવ્યા હતા. ભાજપે કુલ બાવન ઉમેદવારોની યાદી જારી કરી હતી. ૨૮ લોકસભાની બેઠક ધરાવનાર કર્ણાટકમાં ૨૦ ઉમેદવારોના નામની જાહેરાત કરવામાં આવી છે. પીસી મોહન બેંગ્લોર મધ્યમાંથી ચૂંટણી લડશે. બીજી




યાદીમાં પણ કેટલાક આશ્ચર્યજનક નિર્ણય લેવામાં આવ્યા છે. બીએસઆર કોંગ્રેસના મર્જરની સ્થિતિ થયેલી છે જેથી અહીં ઉમેદવારને લઈને હજુ દુવિધાભરી સ્થિતિ છે. પશ્ચિમ બંગાળમાં ભાજપે નવ ઉમેદવારોના નામ જાહેર કર્યા છે. ભાજપ દ્વારા ૧૩મી માર્ચના દિવસે ઉમેદવારોની ત્રીજી યાદી જાહેર કરવામાં આવશે. ગુજરાતના મુખ્યમંત્રી અને ભાજપના વડાપ્રધાન પદના ઉમેદવાર નરેન્દ્ર મોદી ક્યાથી ચૂંટણી લડશે તેને લઈને સસ્પેન્સની સ્થિતિ છે. ઉમેદવારોની યાદીને લઈને આજે સવારથી ચર્ચા વિચારણાનો દોર શરૂ થયો હતો. બેઠકમાં પક્ષના તમામ ટોચના નેતાઓ ઉપસ્થિત રહ્યા હતા જેમાં ભાજપના વરિષ્ઠ નેતા અડવાણી, પક્ષ પ્રમુખ રાજનાથસિંહ, વરિષ્ઠ નેતા સુષ્મા સ્વરાજ, મુરલી મનોહર જોશી, અરુણ જેટલીનો સમાવેશ થાય છે. લોકસભાની ચૂંટણી માટે કાર્યક્રમની જાહેરાત કરવામાં આવ્યા બાદથી તમામ રાજકીય પક્ષો પોતપોતાની તૈયારીમાં લાગી ગયા છે.

# મલેશિયામાં વિમાન દુર્ઘટના

## વિમાની યાત્રીઓમાં પાંચ ભારતીયો હોવાના પણ અહેવાલ : બધા લોકોના મોતની દહેશત

ક્વાલાલુમ્પુર,તા.૮

પાંચ ભારતીય સહિત ૨૩૯ યાત્રીઓને લઈને જતું મલેશિયન એરલાઈન્સનું વિમાન દક્ષિણ ચીન દરિયામાં દુર્ઘટનાગ્રસ્ત થઈ જતા ચિંતાનું મોજુ ફરી વળ્યું છે. તમામ યાત્રીઓના મોત થયા હોવાની દહેશત છે. મલેશિયાના પાટનગર ક્વાલાલુમ્પુરથી ચીની પાટનગર બેઈજિંગ જઈ રહેલા આ વિમાનમાં ૨૩૯ યાત્રીઓ હતા. આ વિમાનમાં એક મહિલા સહિત પાંચ ભારતીયો પણ હતા. બેઈજિંગ આંતરરાષ્ટ્રીય વિમાની મથકના અધિકારીએ માહિતી આપતા કહ્યું છે કે, વિમાનમાં ક્વાલાલુમ્પુરથી પાંચ ભારતીય પણ બેઠા હતા. ભારતના બ્યુરો ઓફ ઈમિગ્રેશનને પણ આ બાબતને સમર્થન આપ્યું છે. મલેશિયન એર લાઈન્સે અહેવાલ આપતા જણાવ્યું છે કે ફલાઈટ નંબર એમએચ-૩૭૦નો એટીસી સાથે સંપર્ક તૂટી ગયો હતો. એર લાઈન્સના અધિકારીઓમાં ભારે ચિંતાનું મોજું



ફળી વળ્યું હતુ. એર લાઈન્સે એક નિવેદન જારી કરીને કહ્યું હતું કે બી૭૭૭-૨૦૦ વિમાને આજે વહેલી પરોઢે ૧૨.૪૧ વાગે ઉડાણ ભરી હતી. કુઆલાલુપુરથી ઉડાણ ભર્યા બાદ આ વિમાન બેજિંગ જઈ રહ્યું હતું પરંતુ ઊંડાણ ભર્યાના બે કલાક બાદ એટીસી સાથે તેનો સંપર્ક તૂટી ગયો હતો. એર ટ્રાફિક કંટ્રોલર્સનું કહેવું છે કે ઊંડી ચકાસણી કરવામાં આવી રહી છે. બચાવ અને રાહત કામગીરીની ટૂંકડીઓ પણ તૈયાર કરવામાં આવી છે. ફલાઈટ એમએચ૩૭૦ બોઈંગ બી૭૭૭-૨૦૦ વિમાન ઓપરેટ કરે છે. આજે વહેલી પરોઢે ૬.૩૦ વાગે આ વિમાન ચીનના પાટનગર પહોંચનાર હતું. ૨.૪૦ વાગ્યાની આસપાસ આ વિમાને મલેશિયન એર ટ્રાફિક કંટ્રોલર્સનો સંપર્ક ગુમાવી દીધો હતો. ચીનના સીસી ટીવીએ કહ્યું છે કે આ વિમાનમાં ૧૬૦ ચીની નાગરિકો હતા. માઈક્રોબ્લોગિંગ વેબસાઈટ ઉપર માહિતી આપતા ચીની અધિકારીઓએ આને સમર્થન આપ્યું છે. ચીની દરિયામાં કોઈ વિમાન તૂટી પડ્યું છે કે કેમ તે અંગે કોઈ અહેવાલ પણ મળ્યા નથી. ફલાઈટ સાથે રડારનો સંપર્ક તૂટી ચૂક્યો હતો. જ્યારે વિયતનામના આંતરિક્ષમાં વિમાન હતું ત્યારે સંપર્ક તૂટી ગયો હતો. એક વર્ષથી પણ ઓછા સમયની અંદર બોઈંગ ૭૭૭ને આવરી લેતા આ બીજા મોટા બનાવ છે. સુરક્ષાને લઈને પણ પ્રશ્નો ઊભા થયા છે. ગયા ઉનાળામાં એશિયાના એર લાઈન્સનું બોઈંગ ૭૭૭ સાનફ્રાન્સીસ્કોમાં તૂટી પડ્યું હતું જેમાં ત્રણ યાત્રીઓના મોત થયા હતા.

### ઈન્ડિગોના વિમાનમાં આગ ફાટી નિકળી

કાઠમંડુ,તા.૮

નવી દિલ્હીથી કાઠમંડુ જતી ઈન્ડિગોની ફ્લાઈટોના યાત્રીઓનો સહેજમાં બચાવ થયો હતો. ઈન્ડિગોના વિમાનમાં કાઠમંડુ ખાતે આગ લાગી ગઈ હતી. ત્રિભુવન આંતરરાષ્ટ્રીય વિમાની મથકે ઉતરાણ કર્યા બાદ આ વિમાનમાં અન્ડરકેરિઝમાંથી ધુમાડો જોવા મળી રહ્યો હતો. ફ્લાઈટ છઈ૦૩૧ કાઠમંડુ જઈ રહી હતી. આમા ૧૭૫ યાત્રીઓ હતા. એક નવજાત શિશુ અને છ વિમાની કર્મચારીઓ હતા. વિમાને સામાન્ય રીતે જ ઉતરાણ કર્યું હતું અને આ વિમાનને યોગ્ય રીતે જ ઉતારી લેવામાં આવ્યા બાદ ધુમાડાની સ્થિતિ જોવા મળી હતી. યાત્રીઓને તરત જ નીચે ઉતારી દેવામાં આવ્યા હતા અને આગ ઉપર કાબૂ મેળવી લેવામાં સફળતા મળી હતી. કાઠમંડુ-દિલ્હી ફ્લાઈટમાં બુકિંગ કરાવી ચુકેલા યાત્રીઓ માટે વધુ એક વિમાન મોકલવામાં આવનાર છે. ઈન્ડિગોના પ્રવક્તાએ માહિતી આપતા કહ્યું છે કે, કાઠમંડુ-દિલ્હી ફ્લાઈટ ઓપરેટ કરવાની મંજુરી આપવામાં આવી હતી. યાત્રીઓને હોટલમાં રાખવામાં આવી રહ્યા છે. એરલાઈનની એક ટેકનિકલ ટીમ પણ પરિસ્થિતિની સમીક્ષા કરવા કાઠમંડુમાં આવી પહોંચી છે.

## યોગેન્દ્ર યાદવના ચહેરા ઉપર શાહી ફેંકવામાં આવી

નવી દિલ્હી,તા.૮

આમ આદમી પાર્ટીના નેતા યોગેન્દ્ર યાદવના ચહેરા ઉપર દિલ્હીમાં જંતરમંતર ખાતે એક રેલીમાં એક વ્યક્તિએ પાછળથી આવીને શાહી લગાવી દીધી હતી. યોગેન્દ્ર યાદવ જ્યાં રેલીને સંબોધન કરી રહ્યા હતા ત્યા પાછળથી એક વ્યક્તિ અચાનક આવી પહોંચી હતી અને તેમના ચહેરા ઉપર શાહી લગાવી દીધી હતી. યોગેન્દ્ર યાદવે પત્રકારો સાથે વાતચીત કરતા કહ્યું હતું કે, પાછળથી આવનાર વ્યક્ત કોણ હતી તે અંગે તેમની પાસે કોઈ માહિતી ન હતી પરંતુ તે વ્યક્તિ પાછળથી આવી હતી અને જયમાતાજી કહીને તેમના ચહેરા ઉપર શાહી લગાવી દીધી હતી. આ વખતે તેઓએ પાછળથી હુમલો કર્યો છે. આગામી સમયે તેઓ સામેથી હુમલો કરશે પરંતુ આ બનાવથી તેઓ નિરાશ નથી. મોટી પાર્ટીઓ અને શક્તિશાળી લોકો સામે લડતી વેળા આ પ્રકારના બનાવો માટે તૈયાર રહેવું પડે છે. બીજી બાજુ પુછપરછ માટે આ શખ્સને પાર્લામેન્ટ સ્ટ્રીટ પોલીસ સ્ટેશનમાં લાવવામાં આવ્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે



કે, અગાઉ પણ આ પ્રકારના હુમલા કરવામાં આવી ચુક્યા છે. યોગેન્દ્ર યાદવના ચહેરા પર શાહી લગાવનાર વ્યક્તિ આમ આદમીના કાર્યકર હોવાની વાત કરી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, આ બનાવના સંદર્ભમાં ભાજપે વાત કરતા કહ્યું છે કે, આમ આદમી પાર્ટીની કામગીરી હાલમાં આ પ્રકારના બનાવ જેવી જ થઈ ગઈ છે. તેમની નકારાત્મક વિચારધારા ખુલ્લી પડી રહી છે. તેમની સાથે શું થઈ રહ્યું છે તે અંગે ભાજપના નેતાઓ વાત કરવા ઈચ્છુક નથી. આમા સમય બગાડવાનો કોઈ મતલબ નથી. ભાજપના વરિષ્ઠ નેતા હર્ષવર્ધને આ અંગેની પ્રતિક્રિયા આપી છે. થોડાક દિવસ પહેલા જ સહારાના વડા સુબ્રતા રોય ઉપર પણ શાહી ફેંકવામાં આવી હતી.

## હથિયારોના જંગી જથ્થા સાથે છ શખ્સો પકડાયા


અટારી, તા.૮

સમજોતા એક્સપ્રેસ મારફતે પાકિસ્તાનથી પરત ફરી રહેલા છ લોકોની પાસેથી મોટી માત્રામાં હથિયારો જપ્ત કરવામાં આવ્યા છે. તેમની પાસેથી ૧૧ પિસ્તોલ, ૨૨ મેગ્ઝિનનો જથ્થો મળી આવ્યો છે. આ ઉપરાંત વિસ્ફોટકોનો જથ્થો પણ મળી આવ્યો છે. ધરપકડ કરવામાં આવેલા લોકોમાં બે મહિલાઓ પણ સામેલ છે. પકડી પાડવામાં આવેલા તમામ લોકો ઉત્તરપ્રદેશના મુઝફ્ફરનગરના નિવાસી હોવાનું જાણવા મળી રહ્યું છે. સરકારી અધિકારી ગુરુદેવસિંહે માહિતી આપતા કહ્યું છે કે, અટારી રેલવે સ્ટેશન ઉપર તપાસ દરમિયાન જાણવા મળ્યું છે કે, આ હથિયાર છુપાઈને મુકવામાં આવ્યા હતા. શંકા ગયા બાદ પોલીસે એક્સ રે મારફતે ચકાસણી કરી હતી. ત્યારબાદ મશીનોને કાપવામાં આવતા તેમાં હથિયારો મળી આવ્યા હતા. ઝડપાયેલા તમામ લોકોની પુછપરછ કરવામાં આવી રહી છે. પોલીસના જણાવ્યા મુજબ આ હથિયારો ક્યાથી આવ્યા તેને લઈને પુછપરછ કરવામાં આવી રહી છે. અમૃતસરથી સંકળાયેલી ભારત-પાકિસ્તાન સરહદથી હથિયારો, બોગસ નોટ અને માદક દ્રવ્યોની હેરફેર કરવામાં આવે છે.

## મોદી મહિલાઓ પ્રત્યે સન્માન ધરાવતા નથી : દિગ્વિજયસિંહ

નવીદિલ્હી,તા.૮

મહિલા દિવસના પ્રસંગે કોંગ્રેસના નેતા દિગ્વિજયસિંહે આજે અંગત મોરચે ગુજરાતના મુખ્યમંત્રી અને ભાજપના વડાપ્રધાન પદના ઉમેદવાર નરેન્દ્ર મોદી ઉપર તેજાબી પ્રહારો કર્યા હતા અને કહ્યું હતું કે, જ્યારે તેઓ તેમના પત્નિની કાળજી લઈ શકતા નથી અને તેમનું સન્માન કરતા નથી ત્યારે દેશની કાળજી કઈ રીતે લઈ શકશે. દિગ્વિજયસિંહ હંમેશા મોદીના તીવ્ર વિરોધી રહ્યા છે. દિગ્વિજયસિંહે કહ્યું હતું કે, જો તેમના મનમાં મહિલાઓ માટે થોડુક પણ સન્માન છે તો તેઓ તેમના પત્નિનું સન્માન કેમ કરતા નથી. ચૂંટણી ફોર્મમાં તેમના પત્નિનું નામ કેમ લગતા નથી. તેમના પત્નિના નામનો ઉલ્લેખ કરવાને લઈને પ્રહારો કર્યા હતા. તેઓ પરણિત છે કે પછી પત્નિને છોડી દીધી છે તેવી વાત કેમ કરતા નથી. તેમના પત્નિ જશોદાબેન ભાડાના આવાસ પર રહે છે. તેમના માટે મોટા આવાસની વ્યવસ્થા કેમ કરવામાં આવી નથી. જ્યારે તેઓ આવા મોટા માણસ બની ગયા છે ત્યારે તેમના માટે કેમ સુવિધા કરવામાં આવી નથી. જે વ્યક્તિ તેમના પત્નિનું સન્માન કરી શકે નહીં



તે વ્યક્તિ દેશની કાળજી કઈ રીતે લેશે. દરમિયાનમાં આંતરરાષ્ટ્રીય મહિલા દિવસના પ્રસંગે ભાજપના વડાપ્રધાન પદના ઉમેદવાર નરેન્દ્ર મોદી નમો કાર્યક્રમ સાથે ચાય પે ચર્ચા કાર્યક્રમ યોજી રહ્યા છે. આશરે ૧૫૦૦ જુદા જુદા સ્થળો પરથી મોદી લોકો સાથે ઈન્ટરનેટ મારફતે વાત કરશે. સિંહે એવી વાતને પણ ફગાવી હતી કે, રાહુલ ગાંધી સામે સંઘ યોગ્ય પગલા લેવા જઈ રહ્યું છે. દિગ્વિજયસિંહે રાહુલનો બચાવ કરતા કહ્યું હતું કે, રાહુલે જે કહ્યું તે યોગ્ય છે. આરએસએસની વિચારધારાથી જ મહાત્મા ગાંધીની હત્યા કરાઈ હતી.

## રમખાણગ્રસ્ત પરિવાર ચૂંટણી બહિષ્કાર કરશે

મુઝફ્ફરનગર, તા.૮


ઉત્તરપ્રદેશના કોમી રમખાણગ્રસ્ત મુઝફ્ફરનગરના ત્રણ ગામો સાથે જોડાયેલા લોકો ચૂંટણીનો બહિષ્કાર કરવાની તૈયારી કરી ચુક્યા છે. ૬૬ જેટલા વિસ્થાપિત પરિવારના સભ્યોએ મતદાન નહીં કરવાનો નિર્ણય કર્યો છે. ચૂંટણીના બહિષ્કારની જાહેરાત કરીને જણાવવામાં આવ્યું છે કે, તેમનો વિશ્વાસ રાજકીય નેતાઓ ઉપરથી ઉઠી ગયો છે. ગયા વર્ષે સપ્ટેમ્બર મહિનામાં ભડકેલી સાંપ્રયાદિક હિંસાના પરિણામ સ્વરુપે લાંક, સીસોલી અને બીતાવડા ગામમાંથી ફરાર થયેલા લોકોએ અન્ય ગામમાં આશરો લીધો હતો. કોમી રમખાણમાં મુઝફ્ફરનગરમાં ૬૦થી વધુ લોકો ઘાયલ થયા હતા. રમખાણગ્રસ્ત લોકોની કહેવું છે કે, રાજકારણીઓ કોઈના તરફ ધ્યાન આપી રહ્યા નથી. દરમિયાનમાં ૬૬ પરિવારના સભ્યો ઝુકવા માટે તૈયાર થયા નથી. આ લોકોએ નવા વિસ્તારમાંથી મતદાર યાદીમાં પોતાના નામની નોંધણી કરાવવા માટે પણ તૈયારી દર્શાવી નથી. આગામી દિવસો આ લોકોને માટે પણ ઉપયોગી સાબિત થઈ શકે છે.

## હવે આઈએનએસ કોલકાતા દુર્ઘટના બાદ ભારે નારાજગી

### સિનીયર અધિકારીઓ ટોચના હોદ્દાને લઈને ધ્યાન કેન્દ્રીત કરતા અધિકારીઓ ખફા : સિનીયરોના વલણ સામે પ્રશ્ન

નવી દિલ્હી,તા.૮

દિલ્હી આઈએનએસ કોલકાતામાં શુક્રવારના દિવસે વધુ એક હોનારતમાં ઓફિસરના મોતથી ભારતીય નૌકાસેનામાં નારાજગીનું મોજું ફળી વળ્યું છે. નૌકાસેનાના લોકોએ કહ્યું છે કે કોઈપણ નૌસેનિક વાલ્વન ખોલી શકે છે. પરંતુ સૈનાની પરંપરા અદા કરીને કુંતલે જ આ પ્રક્રિયા હાથ ધરી હતી જેના લીધે આમા તેમનું મોત થયું હતું. કુંતલ તેમની બેંચના ખૂબ સારા ઓફિસર



હતા. એકબાજુ યુવા ઓફિસર છે જે સૈનાની પરંપરા અધા કરવા માટે શહીદીને વોરી રહ્યા છે. બીજી બાજુ સિનીયર અધિકારીઓ ટોપ પોસ્ટ માટે દરેક પ્રકારની રણનીતિ અપનાવી રહ્યા છે. પોતાની સિનીયર અધિકારીઓના આ પ્રકારના વર્તનથી નૌકાસેનામાં નારાજગીનું મોજું ફળી વળ્યું છે. યુવા અધિકારીઓને આ બાબતને લઈને દુઃખ છે કે સિનીયર અધિકારીઓ સતત થઈ રહેલી દુર્ઘટનાની ચકાસણી કરવાના બદલે અને આનો ઉકેલ શોધી કાઢવાના બદલે ટોપ પોસ્ટ ઉપર ધ્યાન કેન્દ્રીત કરી ચૂક્યા છે. એક અધિકારીએ નામ જાહેર નહીં કરવાની શરતે કહ્યું છે કે સિનીયર અધિકારીઓ બિલકુલ સમય કાઢી રહ્યા નથી. સમસ્યા શું ઊભી થઈ છે તેમાં ધ્યાન આપી રહ્યા નથી. અત્રે નોંધનીય છે કે ગયા મહિને આઈએનએસ સિંધુ રત્નમાં બનેલા બનાવમાં લેપ્ટી કમાન્ડર કપીસ મુવાલ અને લેપ્ટી મનોરંજન કુમાર ચૌધરીનું મોત થયું હતું. ત્યારબાદ નૌકાસેનાના વડા એડમીનલ ડી કે જોષીએ ૨૬મી ફેબ્રુઆરીના દિવસે રાજીનામું આપી દીધું હતું. ત્યારબાદથી ભારતીય નૌકાસેનામાં એક પછી એક હોનારતોનો બનાવ બની રહ્યો છે. કેન્દ્રીય ગૃહમંત્રી સામે પણ અધિકારીઓમાં નારાજગી જોવા મળી રહી છે. આઈએનએસ કોલકાતા દુર્ઘટના મામલામાં ઊંડી તપાસ હાથ ધરાઈ છે.

ટોપના હોદ્દા માટે પોતાની દાવેદારી કરવા સિનિયર ઓફિસરો વચ્ચે તીવ્ર સ્પર્ધા ચાલી રહી છે ત્યારે નૌકાસેના અધિકારીઓમાં બનાવને લઈને નારાજગી દેખાઈ રહી છે. આઈએનએસ કોલકાતાના ચીફ એન્જિનીયર કમાન્ડર કુંતલ વાધવાના મોતથી નૌકાસેનામાં નારાજગીનું મોજું ફળી વળ્યું છે. તેમના નજીકના



આંતરરાષ્ટ્રીય મહિલા દિન નિમિત્તે દિલ્હી ખાતે 'સ્ત્રી શકિત પુરસ્કાર-૨૦૧૩' અંતર્ગત વર્તિકા નંદાને રાષ્ટ્રપતિ શ્રી પ્રવણ મુખર્જીના હસ્તે એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો તે પ્રસંગની તસવીર.

## નરેન્દ્ર મોદી પીએમ બનશે તો વિઝા મળશે : અમેરિકા

નવી દિલ્હી,તા.૮

ગુજરાતના મુખ્યમંત્રી અને ભાજપના વડાપ્રધાન પદના ઉમેદવાર નરેન્દ્ર મોદી અંગે અમેરિકા હવે વલણમાં ફેરફાર કરવા જઈ રહ્યું છે. અમેરિકાએ ગુલાંટ મારીને હવે કહ્યું છે કે જો મોદી વડાપ્રધાન બનશે તો અમેરિકા તેમના ઉપર પ્રવાસ પ્રતિબંધને ઉઠાવી લેશે. અમેરિકાના સહાયક વિદેશ પ્રધાન નિશા દેસાઈ બિસવાલે મોદીના વિઝાને લઈને ચાલી રહેલા વિવાદનો અંત આણી લીધો છે. અમેરિકાના વલણમાં મોટા ફેરફારના સંકેત મળી રહ્યા છે. નિશા દેસાઈ બિસવાલે કહ્યું છે કે જો મોદી ભારતના વડાપ્રધાન બનશે તો ગુજરાતના મુખ્યમંત્રીનું અમેરિકા પણ સ્વાગત કરશે. તેમણે કહ્યું હતું કે અમેરિકા વાઈબ્રન્ટ ડેમોક્રેસીના દરેક નેતાનું સ્વાગત કરે છે. લોકશાહી રીતે ચૂંટાયેલા ભારતના નેતાનું સ્વાગત કરવામાં આવશે. મોદી સાથે કારોબાર કરવા અમેરિકા તૈયાર છે. નવ વર્ષથી અમેરિકાએ મોદી ઉપર વિઝા પ્રતિબંધ જાળવી રાખ્યો છે. ગુજરાતમાં સતત ત્રણ વખત ચૂંટણી જીતીને મોદીએ જોરદાર સપાટો બોલાવ્યો છે. તેમણે કહ્યું છે કે વિઝાનો મામલો કેસ બાય કેસના આધાર ઉપર હાથ ધરવામાં આવે છે. હવે આ બાબતની પણ નોંધ લેવાઈ રહી છે કે ભાજપમાં લોકસભાની ચૂંટણી યોજાઈ રહી છે. ખોબરાગઢે પ્રકરણના અનુસંધાનમાં ભારત અને અમેરિકા વચ્ચેના સંબંધોમાં તિરાડ પડ્યા બાદ ભારતની મુલાકાતે આવેલા બિસવાલે આ અંગેનો સંકેત આપ્યો છે. અમેરિકાએ હાલમાં જ મોદી સાથે વાતચીતની ચેનલ શરૂ કરી દીધી છે.

## સમાચાર ઝલક

- *મલેશિયા એરલાઇન્સનું વિમાન દુર્ઘટનાગ્રસ્ત, જેમાં ૨૩૯ પ્રવાસીઓનાં મોત, ૫ ભારતીય પ્રવાસીઓ પણ હતા.*
- *વિશ્વભરમાં આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ ઉજવાયો.*
- *આરજેડી પક્ષમાં ભારે હુસાતુસી સર્જાઇ.*
- *'ખુશ્બુ ગુજરાત કી'ના શૂટીંગ માટે કોંગ્રેસનો વિરોધ, ચૂંટણીપંચમાં ફરિયાદ કરી.*
- *મહેસાણાના દેવરાસણના તલાટી લાંચ લેતાં ઝડપાયા.*
- *લોકસભાની ચૂંટણીમાં રામવિલાસ પાસવાનના કુટુંબના જ ૩ ઉમેદવારો.*
- *ભરૂચ જીઆઇડીસીમાં ગેસ લીકેજથી આગનો બનાવ.*
- *ઊંઝામાં આવકવેરા દરોડામાં ૬ કરોડ રૂપિયા ઝડપાયા.*
- *ગીરપંથકમાં હવામાનમાં પલટો, વરસાદી ઝાપટા પડ્યા.*
- *આગ્રામાં શોપીગ મોલમાં ભીષણ આગ.*
- *રેલ્વે સગર્ભા બહેનોને અનુકૂળ સીટ આપશે.*
- *અમેઠીમાં કુમાર વિશ્વાસ અને પોલીસ ટસલમાં આવ્યા.*
- *પાલનપુરમાં દેનાબેંકમાં આગનો બનાવ.*
- *પાટણમાં મેડિકલ કોલેજમાં રેગીંગ બનાવ બાબતે સિનિયર વિદ્યાર્થીઓ સામે કાર્યવાહી હાથ ધરાઇ.*
- *'ચાપ પે ચર્ચા'માં મુખ્યમંત્રી નરેન્દ્રભાઇ મોદી ૧૫૦૦ જગ્યાએ સંબોધન કરશે.*